# પોલીસ જાપ્તામાંથી ફરાર છેલ્લા-૦૯ વર્ષથી નાસતા ફરતા દુષ્કર્મના ગુનાના આરોપીને મુંબઈ ખાતેથી ઝડપી પાડતી, સુરત શહેર ક્રાઈમ બ્રાંચ.

સુરત શહેર વિસ્તારમાં પોલીસ જાપ્તામાંથી તથા પેરોલ ફર્લો જમ્પ થયેલ ગુનેગારોને સત્વરે પકડી પાડવા ક્રાઈમ બ્રાંચના પોલીસ માણસો આરોપીઓને પકડી પાડવાની કામગીરીમાં રોકાયેલ હતા. દરમ્યાન પો.સ.ઈ. શ્રી.કે.એ.સાવાલીયા નાઓની ટીમના હે.કો.રાજેન્દ્ર ગીરીશભાઈ અને હે.કો.ફરીદખાન નસીબખાન નાઓને મળેલ હકીકત આધારે મુંબઈ વીરાર ઈસ્ટ સાંઈનગર ખાતેથી આરોપી:- નરેન્દ્રકુમાર s/o રામબદલ કૌશલ્ય જાતે સોની ઉ.વ. ૩૧ ધંધો ડ્રાઈવીંગ રહે.ફ્લેટ નં.૩૨૪, સી.વીંગ વૈષ્ણવી એપા. ત્રીજા માળે સાંઈનાથ ખાતેથી વીરાર ઈસ્ટ મુંબઈ મુળ રહે. ગામ મરદાનપુર, તા.કૌસંબા, જી.અલ્હાબાદ.(ઉ.પ્ર.) નાને પકડી પાડી સદર આરોપી અને-૨૦૧૧ માં પોલીસ જાપ્તામાંથી ફરાર થયેલ હોય આ બાબતે ખટોદરા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૩૫/૨૦૧૧ ઈ.પી.કો. ક. ૨૨૪, ૨૨૫, ૧૧૪ મુજબના ગુનો નોંધાયેલ હકીકત એવી રીતેની છે કે, આ કામનો આરોપી સચીન પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૭૩/૨૦૧૦ ઈ.પી.કો. ક. ૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબના ગુનામાં લાજપોર મધ્યસ્થ જેલ સુરત ખાતે જ્યુડીશીયલ કસ્ટડીમાં હતો સદર આરોપીએ તા.૧૪/૦૨/૨૦૧૧ ના રોજ ડાબા પગથી કમર સુધીના દુ:ખાવાની બિમારીની સારવાર કરાવવા સારૂ નવી સિવીલ હોસ્પીટલમાં પોલીસ જાપ્તાની સાથે સારવાર માટે પ્રીઝનલ વોર્ડમાં દાખલ થયેલ હતો. દરમ્યાન તા.૧૯/૦૨/૨૦૧૧ ના રોજ સવારના કલાક ૦૭/૪૫ વાગ્યે જાપ્તામાં હાજર પોલીસ માણસોની નજર ચુકવીને નવી સિવીલ હોસ્પીટલમાંથી નાસી ગયેલ સદર જાપ્તા ફરાર આરોપી પોતાની ધરપકડ ટાળવા આજદિન સુધી નાસતો ફરતો હતો દરમ્યાન ડી.સી.બી. પો.સ્ટે. ના પોલીસ માણસોને સદર આરોપી મંબઈ વીરાર ખાતે સાંઈનાથ નગરમાં વૈષ્ણવી એપા. માં રહેતો હોવાની અને ડ્રાઈવીંગ કરતો હોવાની મળેલ હકીકત આધારે પકડી પાડી, પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.